ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવાભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર

પત્ર ક્રમાંકઃ કોમ્પ્યુટર/ઇ-ટેન્ડરીંગ/બ્રોડબેન્ડ/૧૪/૨૦૦૫/ ૧૬૧ .

તાઃ ૨૫/૭/૨૦૦૭
૨૬/૭/૦૭.

## પરિપત્ર

**વિષયઃ- ઇન્ટરનેટ કનેકટીવીટી માટે બીએસએનએલ બ્રોડબેન્ડ સેવાઓ મેળવવા બાબત.**

બોર્ડની વિવિધ કચેરીઓના પત્ર વ્યવહાર તેમજ ઓનલાઇન એપ્લિકેશન માટે હાલ મહદઅંશે હયાત ટેલિફોન મારફત ડાયલ-અપ કનેકશન દ્વારા કનેકટીવિટી મેળવવામાં આવે છે. આ બાબતે ઇન્ટરનેટ કનેકટીવિટીની સુવિધાઓમાં યોગ્ય સ્પીડ ન મળતી હોવા તથા ટેલિફોન સતત એંગેજ રહેતો હોવા જેવી મુશ્કેલીઓની રજૂઆતો વિવિધ કચેરીઓ તરફથી મળેલ છે. આવી બાબતો ધ્યાને લઇ કેટલીક કચેરીઓએ પ્રાયોગીક ધોરણે બીએસએનએલની બ્રોડબેન્ડ સેવાઓ મેળવવામાં આવેલ જેના પરીણામ સંતોષકારક જણાયેલ છે.

બોર્ડની કચેરીઓ વચ્ચે કોમ્પ્યુટર દ્વારા યોગ્ય કનેકટીવિટીની વધતી જતી જરૂરીયાત ધ્યાને લઇ, વિભાગીય સ્તર સુધીની કચેરીઓને, નીચે દશાવેલ શરતોને આધીન, સંબંધિત કચેરીની હયાત બીએસએનએલ ટેલિફોન લાઇન પર રૂા.૭૦૦/-ના માસીક પ્લાન(અથવા તેનાથી ઓછા ઉપલબ્ધ પ્લાન)ની મર્યાદામાં બીએસએનએલ મારફત બ્રોડબેન્ડ સેવા મેળવવા ઠરાવવામાં આવે છે.

શરતોઃ-

૧. માસીક રૂા.૭૦૦/- (અથવા તેનાથી ઓછા ઉપલબ્ધ પ્લાન)ની મર્યાદામાં બ્રોડબેન્ડનો વપરાશ રાખવાનો રહેશે.
૨. બ્રોડબેન્ડ સેવાઓ કચેરીના કામની ઉપયોગીતા અન્વયે કચેરીની તમામ શાખાઓ વાપરી શકે તેમ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
૩. જો અન્ય કોઇ એજન્સીની બ્રોડબેન્ડ સેવાઓ કાર્યરત હોય તથા તેનો ખર્ચ રૂા.૭૦૦/- માસીકથી વધુ હોય તો હયાત કનેકશનની સમયમર્યાદા પૂર્ણ થયેથી ઉપરોકત બીએસએનએલની સેવાઓ મેળવવાની રહેશે.
૪. આવી સેવાઓનું કનેકશન મેળવી, ઇ-મેઇલ એડ્રેસ સહિત અત્રે જાણ કરવાની રહેશે.
૫. એક બીલ્ડીંગમાં સમાવિષ્ટ એવી કચેરીઓએ હયાત કેલબીંગ વગેરે સુવિધાઓને ધ્યાને લઇ, શકય હોય તો કોમન કનેકશન વાપરવાનું રહેશે.

ફાઇલ પર સભ્ય સચિવશ્રીની મંજૂરી અન્વયે.

નાણાં નિયંત્રક

પ્રતિ,

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે)/ નિયામકશ્રી, જી.જે.ટી.આઇ, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)

ફોન નં: (૦૭૯) ૨૩૨૨૩૨૧૮, ૨૩૨૫૧૧૭૮ ફેકસ નં: (૦૭૯) ૨૩૨૨૫૯૭૯ ઇ-મેઇલ: jalseva@gujarat.gov.in